સ્ટાર ટૉક

# ટેલેન્ટ હોય તો સંબંધ વિના પણ તક મળે : વામિકા



**બોલિવુડને ભૂરી આંખોનું એક અલગ આકર્ષણ રહ્યું છે, ઐશ્વર્યાથી લઇ રાની મુખર્જી, કાજોલ, દીપિકાને આનો ફાયદો મળ્યો છે, હાલ પોતાની આંખ અને એક્ટિંગથી લોકોને દિવાના બનાવી રહેલી પંજાબી અને હિન્દીની મજેદાર અને પ્રોમિસિંગ એક્ટ્રેસ વામિકા ગબ્બી આવી રહી છે થિયેટરમાં. પાછલી ફિલ્મ બેબી જહોન અને ખૂફિયાની ‘ભૂલચૂક માફ’ કરી તેના ફેન્સ તેને જોવા જઈ રહ્યા છે. તે પહેલા તેના અંગત જીવનમાં શું ચાલી રહ્યું છે? જાણીયે આ સ્ટાર ટૉકમાં....**

**પ્ર.: તમારું નામ બહુ જૂદું છે. આવા નામ સામાન્યપણે હોતા નથી.**

**વામિકાઃ** પણ એ મારું પાડેલુ નથી અને જ્યારે વામિકા નામ પડાયેલું ત્યારે મારા ડેડીએ ખૂબ ગૌરવ અનુભવેલો. એકવાર તેમણે મને આ નામનો અર્થ સમજાવતાં કહેલું કે વામિકા એટલે પવનની રાણી. અર્થ જાણ્યા પછી મને થયેલુ કે હું બહુ યુનિક નામ ધરાવું છું. જો કે પછીના વર્ષે મેં જાણ્યુ કે આ નામનો અર્થ તો પ્રેમની પ્રક્રિયા પણ છે. પ્રેમના અનુભવની પ્રક્રિયા બહુ જૂદી હોય છે ને પ્રેમમાં પડો ત્યારે જ તેનો અર્થ સમજાય.

**પ્ર. આવું નામ તો સાહિત્યની સુઝ ધરાવનારા લોકો જ પાડી શકે.**

**વામિકાઃ** યસ, મારા પિતાજી ગોવર્ધન ગબ્બી હિન્દી અને પંજાબીના જાણીતા લેખક છે. મારા અભિનયમાં પણ તેમનો પ્રભાવ છે. મારે જે પાત્ર ભજવવાનું આવે છે તેને હું સાહિત્યની રીતે સમજવા પ્રયત્ન કરું છું. મારા પિતાને પહેલેથી જ ખબર હતી કે હું ફિલ્મોમાં કામ કરીશ કારણ કે હું હંમેશા મોટા મોટા સપના જોયા કરતી. મને નાટક, સંગીત અને કળાઓમાં રસ હતો. હું કથક નૃત્ય શીખી છું.

**પ્ર. તમે પ્રેમમાં પડ્યા છો? દુઃખનો અનુભવ કર્યો છે?**

**વામિકાઃ** દુઃખને હું મારા કુટુંબના સભ્ય તરીકે જ જોઉ છું. પેન્ડેમિકના સમયે હું જેની સાથે પ્રેમમાં હતી તેની સાથે પ્રેમભંગ થયો અને ત્યારે દુઃખ શું તેનો અનુભવ કરેલો. દુઃખ આપણે ઈચ્છતા નથી પણ આવે છે અને તે જીવતા આવડવું જોઈએ. ને બીજી વાત પણ હું કહું છું કે આપણી સાથે જે કાયમ રહે છે તે પ્રેમ છે. હું મારા જીવનમાં પ્રેમ સિવાય કશું નથી ઈચ્છતી અને હું એજ રીતે બીજાને ખૂબ પ્રેમ કરી શકું એવું ઈચ્છું છું.

**પ્ર. આજકાલ સોશ્યલ મીડિયા અનેક સેલિબ્રિટીને ટ્રોલ કરે છે અને નેગેટિવ ન્યૂઝ ફેલાવે છે. તમારું શું રિએક્શન છે?**

**વામિકાઃ** સોશ્યલ મીડિયા પર એવા લોકો હોય છે જે હંમેશ તમારી સાથે બદમાશી કરતા હોય છે. હકીકતે તો દરેક પાસે એક જ વેરિફાઈડ એકાઉન્ટ હોવું જોઈએ. વધારે એકાઉન્ટ હોય ત્યારે આ બધું થાય છે. અમુક માટે સોશ્યલ મીડિયા ટ્રોમેટિક પૂરવાર થયું છે. ખાસ કરીને ટિનેજર્સ માટે. બાકી હું એ વિશે બહુ ચિંતા નથી કરતી કે જેને તમે નિયંત્રણમાં જ ન રાખી શકો.

> **મને આ નામનો અર્થ સમજાવતાં કહેલું કે વામિકા એટલે પવનની રાણી. અર્થ જાણ્યા પછી મને થયેલુ કે હું બહુ યુનિક નામ ધરાવું છું. જો કે પછીના વર્ષે મેં જાણ્યુ કે આ નામનો અર્થ તો પ્રેમની પ્રક્રિયા પણ છે**

**પ્ર. હવે ઓડીશન આપ્યા વિના ફિલ્મો નથી મળતી અને એક જ ફિલ્મ માટે અનેક અભિનેત્રી ઓડીશન્સ આપે છે. તમે આ પ્રથા વિશે શું કહો છો?**

**વામિકાઃ** ઓડીશન- તો સારા છે. કોઈ ભૂમિકા માટે કોણ યોગ્ય છે તે ઓડીશન્સથી જ સમજાતું હોય છે એટલે ફિલ્ટર થઈ જાય છે. આમાં ઘણીવાર નસીબ પણ કામ કરે છે અને નિર્માતા યા દિગ્દર્શક કે કોઈ સ્ટાર સાથે સંબંધ હોય તો ઓડીશન્સના ચાન્સ વહેલા લાગે છે ને કામ મળી પણ જાય છે પણ જે ટેલેન્ટેડ હોય તે સંબંધ વિના પણ વહેલા-મોડા તક મેળવી જ લે છે.

**પ્ર. હિન્દી ફિલ્મોમાં કામ કરવાનો અનુભવ કેવો છે?**

**વામિકાઃ** હિન્દી ફિલ્મોદ્યોગ મુંબઈમાં છે અને તેમાં અનેક પ્રકારના લોકો છે જે કામની શૈલીમાં ફરક પાડી શકે છે. હું પંજાબીમાં કામ કરું છું. ત્યાંથી અહીંની દુનિયા જૂદી છે. અહીં તમે કોઈ ફિલ્મમાં નક્કી હોવ અને કોઈ સ્ટાર કિડ્સ આવી રિપ્લેસ કરી દે તેવું ય બની શકે છે. સાઉથની ફિલ્મોની દુનિયા જૂદી છે ત્યાં એકદમ પ્રોફેશનાલિઝમ છે.

**પ્ર. ‘ભુલચુક માફ’ ફિલ્મ કેવી છે?**

**વામિકાઃ** એ કોમેડી ફિલ્મ છે અને તેમાં તમને મારી ભૂમિકા જરૂર ગમશે. મને કોમેડી કરવાની બહુ મઝા આવી છે. આખી ફિલ્મના સેન્ટરમાં હું જ છું.

**પ્ર. તમારી આવનારી હિન્દી ફિલ્મો કઈ કઈ?**

**વામિકાઃ** તમિલ, તેલુગુ, મલયાલમ સાથે હું જે હિન્દી ફિલ્મોમાં કામ કરી રહી છું તેમાં ‘દિલ કા દરવાજા ખોલ ના ડાર્લિંગ’ અને ‘ભૂત બંગલા’ છે. ‘રક્ત બ્રહ્માંડઃ ધ બ્લડી કિંગડમ’ નામની વેબસિરીઝમાં પણ આવું છું. રણવીરસીંઘ સાથેની ‘શક્તિમાન’ માં પણ કામ કરી રહી છું. ●


# બાબિલની બબાલ કે બડબડ?

કોન્ટ્રોવર્સી

**બા**બિલ ઈરફાન ખાન નામનો આ નવો કલાકાર હાલ ઈન્ટરનેટ પર ખુબ ચર્ચામાં છે પણ તેની ફિલ્મના કારણે નહિ. (જે ક્યારેય નથી રહ્યો) પાછલા અઠવાડિયામાં શનિવારની મોડીરાતે જે પાર્ટી નાઈટ માટે બાદનામ છે તે સમયે બાબિલનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થાય છે. એ વીડિયોમાં તે ધ્રૂસકે ધ્રૂસકે રડતો હતો! જે ઈન્ડસ્ટ્રીમાં તે કામ કરી રહ્યો છે તે બોલિવૂડ માટે સેન્સર્ડ શબ્દો બોલી રહ્યો છે. ‘‘બોલિવુડ ખૂબ અસંસ્કારી છે. બોલિવૂડ સૌથી નકલી જગ્યા છે. હું જેનો ભાગ રહ્યો છું તે સૌથી ફેક ઈન્ડસ્ટ્રી છે. અહીંયા કેટલાક લોકો એવા છે જે બોલિવુડને વધારે સારું બનાવવા માંગે છે. હું ઘણું બધું કરી બતાવવા માગું છું. મારી પાસે તમને બતાવવા માટે ઘણું બધું છે.’’ આવી વાતો કરતો બાબિલ ધ્રૂસકે ધ્રૂસકે રડ્વા લાગ્યો. બોલિવુડના ખબરીઓ આ બાબતે કંઈ સમજે તે પહેલા જ વધુ એક વીડિયો આવ્યો. જેમાં બાબિલે કહ્યું કે, ‘‘હું જે કહેવા માગું છું કે તમારે જાણવું જોઈએ આમાં શનાયા કપૂર, અનન્યા પાંડે, અર્જુન કપૂર, સિદ્ધાંત ચતુર્વેદી, રાઘવ જુયાલ અને આદર્શ ગૌરવ અને અરિજિત સિંહ પણ છે. અહીં ઘણાં બધાં નામ છે, આ બોલિવૂડ ખૂબ જ (*બીપ બીપ*) છે,’’ બાબિલે આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર મૂક્યા હતા! અને થોડા સમય પછી આ વીડિયો દૂર કરવામાં આવ્યા. આને હજી ડ્રામેટિક બનાવતા બાબિલે તેનું એકાઉન્ટ જ ડીલીટ કરી દીધું હતું. કોઈ નવો એક્ટર આવું કરે તો તેની માટે ચિંતા થાય. અને તેણે જેના નામ લીધા તે એક્ટર્સ પર લોકો ગુસ્સો ઉતારે તે પણ સ્વાભાવિક હતું. કૉમેન્ટ્સમાં તો એવું પણ કહી રહ્યા હતા કે આ તેની સુસાઈડ નોટ તો નથી ને?

જોકે હજી વાર્તા અધૂરી છે. વીડિયો પર રિએકશન આવતાની સાથે બીજા દિવસે સવારે બાબિલની ટીમે અને ફેમિલીએ તેના પર સ્પષ્ટતા કરી કે, બાબિલના વીડિયોને ખોટા અર્થઘટન સાથે વાયરલ કરાયો છે. હકીકતમાં તો બાબિલ એમ કહેવા માગે છે કે બોલિવુડમાં ઘણા એવા લોકો છે જે બોલિવુડને વધારે સારું કરવા પ્રયાસરત છે. જેમાં અનન્યા, શનાયા, સિદ્ધાંત, રાઘવ, આદર્શ, અર્જુન અને અરિજિત- આ એવા લોકો છે જે પોતાના ઝનૂન, અને પ્રયત્નથી ઈન્ડસ્ટ્રીને સારી બનાવી રહ્યા છે. અમે વિનંતી કરીએ છીએ કે, આ વીડિયોને આખો સાંભળો અને જુઓ તો તમને સત્ય સમજાઈ જશે’ જોકે બાબિલ આ પહેલા પણ ઘણી વાર ટ્રોલ થતો રહ્યો છે.

હમણાં આવેલી ફિલ્મ લોગઆઉટ પણ આજ વાત પર છે, કઈ રીતે વર્ચ્યુઅલ દુનિયા અલગ છે અને ટ્રોલ, ઓવર યૂઝનાં કારણે યંગસ્ટર્સ ‘ડિપ્રેશન’માં જતા રહે છે. આ મામલે અનન્યા, સિદ્ધાંત સહિતના એક્ટર્સ પણ બાબિલનાં સપોર્ટમાં રિએક્શન આપ્યા હતા. અમુક એવી પ્રતિક્રિયાઓ પણ સામે આવી જેમા કેટલાક બાબિલનું સમર્થન કરી રહ્યા છે, તો કેટલાકે તેને દારૂ અને પાર્ટીઓથી દૂર રહેવાની સલાહ આપી છે. આ વાતે બોલિવુડનાં મેન્ટલ હેલ્થ પર ચર્ચા ઉપાડિ છે. બાબિલો કંઈ નશામાં આવું કર્યું હશે કે સાચુ બોલી રહ્યો છે, કોઈ વાયરલ થવાનો નુસખો? ●



# Rapidfire With Bhoomi



**એક્ટિંગમાં ભારેભરખમ અભિનેત્રી ભૂમિ હાલ પોતાનું વજન ઘટાડી ફિલ્મો વધારી રહી છે. આ અઠવાડિયે થિયેટરથી દૂર નેટફ્લિક્સ પર ‘ધી રૉયલ્સ’માં દેખાવાં જઈ રહી છે સાથે ઈશાન, સાક્ષી, ઝીનત અમાન પણ છે. આજે ભૂમિને જાણીએ તેના ફેવરિટ બ્રેકફાસ્ટથી લઈ ટ્રોલિંગ અને વજન ઉતારવા પર તે શું વિચારે છે?**

**બ્રેકફાસ્ટમાં શું વધું પસંદ છે?**

ઢોસા, સાબુદાણાની ખિચડી, સાઉથ ઈન્ડિયન ડિશ અને મરાઠી કાંદા પોહા તો બેસ્ટ મારા સૌથી ફેવરિટ

**કેવી ફિલ્મો કરવા માંગો છો?**

હું એવી જ ફિલ્મ કરવાં માંગું છું જેની સ્ક્રિપ્ટ વાંચતા વાંચતા જ હું એક્સાઈટેડ થઇ જાવ અને સ્ક્રિપ્ટ પરથી જ મારા કેરેક્ટર સમજાઇ જાય તેવી ફિલ્મો કરવી ગમે.

**ઈશાન સાથેના રોમાન્સ પર લોકોના રિએક્શન જોયા ?**

હા, અને એ તો થવાનું જ છે, થતું રહેશે. આજે, ટ્રોલિંગ લોકોનું મનોરંજન બની ગયું છે. જોકે, તેનાથી મને કાંઈ ફરક પડતો નથી

**શું કાસ્ટીંગ ડાયરેક્ટર તરીકે કોઇ યાદગાર કિસ્સો ?**

હા, આ ખૂબ પહેલાની વાત કરું. તો રણબીર સિંહની પહેલી ફિલ્મનું ઓડિશન મેં જ લીધેલું.

**લાઇફમાં કોઇ એવું મોમેન્ટ જે ક્યારેય નહીં ભૂલાય?**

શો-શા...

થોડાં સમય પહેલાં મેં એક મોટાં ડાયમંડવાળી રિંગ મને ‘સેલ્ફ ગિફ્ટ’ કરી. આસપાસનાં જાણીતા લોકો એક પછી એક જે પણ હાથની રિંગ જોતા મને કોંગ્રેચ્યુલેટ કરવા લાગ્યા. મેં કહ્યું અરે! આ સેલ્ફ ગિફ્ટ છે. મારી પાસે એટલા પૈસા છે. કોઇ વિશ્વાસ જ નહોતું કરતું.

**તમારો પહેલો પગાર કેટલો હતો**

તમારે માનશો નહિ પણ એ 7000 હતો !

**લાઈફમાં ભૂમિની સપોર્ટ સિસ્ટમ કોણ છે?**

મારી બહેન સમીક્ષા. અને મારી ફેમેલી

**વજન ઘટાડવા વિશે હંમેશા તારી ચર્ચા થતી રહી છે...**

હા. મને સતત મારા વજન વિશે પૂછવામાં આવે છે. મેં કેટલું વજન ઘટાડ્યું? કેવી રીતે?.પણ હું બધાને કહું છું કે હું જે શેપમાં છું તે ગમે છે તેનો આનંદ માણી રહી છું. કાલે, હું કદાચ આવી નહીં હોઉ. હું મારી જાતને પૂરતો પ્રેમ કરું છું. ને મારી સફળતા, કામ અને ફિલ્મ મારા વજન અથવા શરીરને આધારિત નથી. ●